## આંક–૧ હેઠળ વધુ હુકમ

(૧)આજરોજ નામદાર ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળ,અમદાવાદના પત્રમાં આપવામાં આવેલ સુચનાઓ મુજબ તથા નામદાર જીલ્લા ન્યાયાલય,રાજકોટના પત્ર અન્વયે અત્રેની કોર્ટમાં પેન્ડીંગ,પેટી કેસીસ,ટ્રાફીક કેસો તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફો.કા.અ.ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્ઝ માટે તેમજ ફો.કા.અ.ની કલમ–૩૨૧ અન્વયે ફરીયાદ પક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામાં આવેલ.

(૨)સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથપર લઈ વંચાણે લીધુ. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે પ્રોહી એકટની કલમ–૬૬બી હેઠળના ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ તથા સમરી ટ્રાયેબલ ગુનો છે તેમજ આરોપી સામે જયારથી ચાર્જશીટ દાખલ થયેલ છે ત્યારથી આ કામના આરોપી ને સમન્સ કરતા તેઓ મળી આવેલા નથી. સબબ કામ ત્યારથી સમન્સ તથા વોરટની બજવણી વારંવાર કરવામા આવેલી છે પરતુ આરોપીને હાજર રાખવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે.તદૃઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણાં લાંબા સમયથી ચાલતો હોવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં પણ આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોય. આવા પ્રકારની પરિસ્થિતીમા કી. પ્રો. કોડની કલમ ૨૫૮ ના પ્રબંધો ધ્યાને લેતા પણ સદર કેસ તે રીતેના પરીપેક્ષમા પડતો હોય તેમ જણાય છે. આવા પ્રકારની પરીસ્થિતીમા નામદાર સુપ્રિમ કોર્ટ દ્રારા એવુ પ્રતિપાદીત કરેલ છે કે,

SUPREME COURT OF INDIA

CHANDRAMAULI KR PRASAD & H. L. DATTU, JJ.

RANJAN DWIVEDI - Petitioner(s) VERSUS C.B.I., THROUGH THE DIRECTOR GENERAL - Respondent(s)

AC. SUDEVANANDA AVADHUTA - Petitioner(s) VERSUS C.B.I., THROUGH THE DIRECTOR GENERAL - Respondent(s) Writ Petition (Crl.) No. 200 of 2011 with Writ Petition (Crl.) No. 205 of 2011

Decided on : 17-08-2012. In relavant para no.5

....(5) The criminal courts should exercise their available powers, such as those under Sections 309, 311 and 258 of the Code of Criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial Judge can prove to be a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the High Court under Section 482 CrPC and Articles 226 and 227 of the Constitution can be invoked seeking appropriate relief or suitable directions.

(૩)વધુમા આવા પ્રકારની પરીસ્થિતીમા નામદાર બોમ્બે હાઈકોર્ટ દ્રારા 56 MULCHAND MOTILAL RAKA V/S. THE STATE OF MAHARASTRA & OTH.1996 2 CRIMES 177 મા ઠરાવેલ છે કે,

Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as hereinabove stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be resorted to where the

special or un-usual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner, as per procedure under the Code, the provisions of section 258 of the Code can be resorted to.

(૪)જેથી આવા અસામાન્ય તથા વિશીષ્ટ સંજોગોમાં આરોપી વિરૂધ્ધની ન્યાયિક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતું હોય ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં ઉપરોકત સમગ્ર ચર્ચાને અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧)આથી ફો.કા.અ.ની કલમ–૨૫૮ અન્વયે હાલના આરોપી સામેની સદર કેસની આગની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

(૨)આ કામે વધુમાં એવો પણ હુકમ કરવામાં આવે છે કે, આ કામના આરોપી જયારે પણ મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષ ફો.કા.અ.ની કલમ–૩૦૦ (૫) અન્વયે કાર્યવાહી કરી શકશે.

હુકમ આજરોજ તારીખ ૧૨મી, માહે નવેમ્બર, સને ૨૦૨૨ની સ્પેશીયલ સીટીગની ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૧૨/૧૧/૨૦૨૨
રાજકોટ.

**(કીર્તીકુમાર મનોજકુમાર ગોહેલ)**
૧૫માં એડિશનલ ચીફ જયુડી.મેજિસ્ટ્રેટ
રાજકોટ.
**(UIC NO.GJ01120)**